Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Education - ISSN : 2320-0014
Continuous Issue-18 | May – June 2018

# ગુજરાતી વિષયનાં પાઠ્યપુસ્તકોમાં જાતીય અસમાનતા

**સારાંશ**

આજકાલ પાઠ્યપુસ્તકોમાં જાતીય અસમાનતાનું નિરૂપણ બહુ ચર્ચાસ્પદ બન્યું છે. પૂર્વે થયેલાં સંશોધનો એ વાતની તરફેણ કરતા હતા કે જાતીય અસમાનતાની માનસિકતા કેળવવામાં પાઠ્યપુસ્તકોની ભૂમિકા મહત્ત્વની છે. પાઠ્યપુસ્તકમાં રહેલા ચિત્રો કે વિષયવસ્તુ જોઈને વિદ્યાર્થીઓ પણ પોતાની સામાજિક-પારિવારિક-વ્યવસાયિક ભૂમિકાની કલ્પના કરતા હોવાથી પાઠ્યપુસ્તકો સમાજમાં પણ જાતીય અસમાનતા પ્રેરક બની શકે છે. પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત ધોરણ 6 થી 8નાં ગુજરાતી વિષયનાં પાઠ્યપુસ્તકોની જાતીય સમાનતાનાં (લેખકો-સંપાદકો, સર્જકો, ચિત્રો, પાત્રાલેખન, વ્યક્તિત્વનાં લક્ષણો, વ્યવસાયિક ભૂમિકા, કૌટુંબિક ભૂમિકા) સંદર્ભમાં તપાસ કરવાનો હતો. ગુણાત્મક સંશોધન અભિગમથી પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. માહિતી પ્રાપ્તિ માટે ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત ધોરણ 6 થી 8નાં બન્ને સત્રના કુલ 6 પાઠ્યપુસ્તકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. માહિતી વિશ્લેષણ માટે વિષયવસ્તુ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પાઠ્યપુસ્તકોમાં લેખકો-સંપાદકોની પસંદગીમાં, સર્જકોની પસંદગીમાં અને ચિત્રોમાં પુરુષ પ્રધાનતા અને પુરુષ તરફી ઝોક જોવા મળ્યો હતો. સ્ત્રી પાત્રોનાં ગુણોમાં ખાસ વૈવિધ્ય હતું નહીં. તેઓ પરંપરાગત ગુણો ધરાવતી હોય તેવું જ દર્શાવવામાં આવ્યું હતું. પુરુષ પાત્રો ઉચ્ચ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત હોય તેવી અનેક કૌટુંબિક-વ્યવસાયિક ભૂમિકામાં દર્શાવવામાં આવ્યા હતા.

**ચાવીરૂપ શબ્દો** : પાઠ્યપુસ્તકો, જાતીય અસમાનતા, ગુજરાતી, પ્રાથમિક શાળા

શિક્ષણના હેતુઓ સિદ્ધ કરવા માટેનું એકમાત્ર અને મહત્ત્વનું ઉપકરણ એટલે પાઠ્યપુસ્તક. Brugeilles & Cromer (પૃ.14, 2009)પાઠ્યપુસ્તકની વ્યાખ્યા આપતા કહે છે કે ચોક્કસ પ્રકારનાં શૈક્ષણિક હેતુઓની સિદ્ધિ માટેનું હાર્દરૂપ અધ્યયન માધ્યમ કે જેમાં ચિત્રો અને અધ્યયન પ્રવૃત્તિઓમાં સુવિધાસર્જક બનનારી સૂચનાઓનું પરંપરાગત મુદ્રિત કે બાંધણીયુક્ત પુસ્તક કે જેમાં અક્ષરો અને/અથવા ચિત્રોનો સમાવેશ થયેલો હોય છે. આ પાઠ્યપુસ્તકોનો હેતુ માત્ર વાચન, લેખન કે ગણન પૂરતો મર્યાદિત નથી. પાઠ્યપુસ્તકો એ જ્ઞાનનો એવો સ્રોત છે જેમાંથી જ્ઞાનની સાથે વિદ્યાર્થીઓને વિચારો મળે છે, મૂલ્યો સાંપડે છે, ભાવો કેળવાય છે, વલણો ઘડાય છે અને માન્યતાઓ સ્થપાય છે.

વિદ્યાર્થીઓ વર્ગખંડમાં પોતાનો 80 થી 95% સમય પાઠ્યપુસ્તકો સાથે ગાળે છે Sadker and Zittleman (2007). જ્યારે વર્ગખંડમાં શિક્ષક 70 થી 90% સમય પાઠ્યપુસ્તકો સાથે ગાળે છે Baldwin and Baldwin (1992). શિક્ષક જ્યારે પાઠ્યપુસ્તકમાં રહેલા વિષયવસ્તુને વિદ્યાર્થીનાં મન સુધી પહોચાડે છે ત્યારે પરોક્ષ રીતે કંઈ કેટલાયે ભાવો, વિચારો, લાગણીઓ, માન્યતાઓ, ગમા-અણગમાઓ કે માન્યતાઓ પણ વિદ્યાર્થીનાં મન સુધી પહોચી જાય છે. અને તેમાંથી કેટલાક વિદ્યાર્થીનાં મનમાં કાયમી બની જાય છે. વિદ્યાર્થી તેનું અનુસરણ કરીને વર્તન અને વ્યવહાર કરવા લાગે છે.

પાઠ્યપુસ્તક એ વિદ્યાર્થીનાં મસ્તકની કેળવણી કરનારું એક મહત્ત્વનું પરિબળ હોવાથી પાઠ્યપુસ્તકનું વિષયવસ્તુ વિદ્યાર્થીનાં મનને તટસ્થ, સર્જનાત્મક, ચિંતનાત્મક કે સમીક્ષાત્મક વિચારસરણી તરફ દોરી જાય તેવું હોય તે અપેક્ષિત છે. પરંતુ આજકાલ પાઠ્યપુસ્તકોમાં જાતીય અસમાનતાનું નિરૂપણ બહુ ચર્ચાસ્પદ બન્યું છે. માત્ર ભારત જ નહીં, અનેક દેશનાં પાઠ્યપુસ્તકોનું વિષયવસ્તુ કે રજૂઆત વિદ્યાર્થીને જાતીય અસમાનતા તરફ દોરી જતું હોય તેવું સંશોધનોમાં જોવા મળ્યું છે જુઓ (UNESCO, 2004; Yang, 2014; Dwar & Anand, 2015; Kuruvilla & Thasniya, 2015; Sharma, 2016; Ullah & Haque, 2016; Bhattacharya, 2017; Falah & Saed, 2017; Mukitul Islam & Asadullah, 2018; NCERT (nd)). અને દરેક સંશોધનો એ વાતની તરફેણ કરતાં હતાં કે જાતીય અસમાનતા ધરાવતું માનસ કેળવવામાં પાઠ્યપુસ્તકોની ભૂમિકા મહત્ત્વની છે. Blumberg (2007) ના મતે પાઠ્યપુસ્તકોમાં રહેલી જાતીય અસમાનતા એ શિક્ષણમાં સમાનતા લાવવા માટેના માર્ગ આડેનો છુપો અવરોધ છે. પાઠ્યપુસ્તકમાં રહેલા ચિત્રો કે વિષયવસ્તુ જોઈને વિદ્યાર્થીઓ પણ પોતાની સામાજિક-પારિવારિક-વ્યવસાયિક ભૂમિકાની કલ્પના કરતા હોવાથી પાઠ્યપુસ્તકો સમાજમાં પણ જાતીય અસમાનતા પ્રેરક બની શકે છે. ગુજરાતમાં ધોરણ 6 થી 8નાં ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકોની જાતીય અસમાનતાના સંદર્ભમાં તપાસ કરવાના હેતુથી પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

## સંબંધિત સાહિત્યની સમીક્ષા

UNESCO (2004) દ્વારા ધોરણ 1 થી 10નાં છ વિષયોનાં કુલ 194 પાઠ્યપુસ્તકોનાં વિષયવસ્તુની જાતીયતાના દૃષ્ટિકોણથી તપાસ કરવામાં આવી હતી. જેનાં તારણોમાં જોવા મળ્યું હતું કે પાઠ્યપુસ્તકોમાં સંપૂર્ણ પુરુષ તરફી રજૂઆત થયેલી હતી.

Yang (2014) દ્વારા હાથ ધરાયેલા સંશોધનનાં તારણો જણાવતાં હતાં કે અંગ્રેજી વિષયના પાઠ્યપુસ્તનાં ચિત્રો, સંવાદ કે વિષયવસ્તુમાં જાતીય અસમાનતા જોવા મળી હતી. પૂર્વે તૈયાર થયેલાં પાઠ્યપુસ્તકોની તુલનાએ તે પાઠ્યપુસ્તકોમાં સ્ત્રી અને પુરુષોની ભૂમિકાને સમાન અને ન્યાયી સ્થાન મળ્યું હતું.

Dwar & Anand (2015)દ્વારા પાંચમાં ધોરણનાં અંગ્રેજી વિષયનાં પાઠ્યપુસ્તકોમાં જાતીયતાની રજૂઆત સંદર્ભે તપાસ કરવામાં આવી હતી. તેમનાં તારણો જણાવતા હતા કે પાઠ્યપુસ્તકોમાં જાતીયતાનું નિરૂપણ પરંપરાગત પ્રકારે થયેલું હતું.

Kuruvilla & Thasniya (2015) દ્વારા અંગ્રેજી અને મલયાલમ વિષયનાં પાઠ્યપુસ્તકોમાં રહેલાં ચિત્રોમાં જાતીયતા નિરૂપણ સંદર્ભે તપાસ કરવામાં આવી હતી. તારણો જણાવતા હતા કે પાઠ્યપુસ્તકોમાં રહેલાં ચિત્રો પુરુષ કેન્દ્રી હતાં.

Sharma (2016)ને તેમનાં સંશોધનમાં દસમાં ધોરણનાં સામાજિક વિજ્ઞાનનાં પાઠ્યપુસ્તકમાં જાતીય અસમાનતાનું નિરૂપણ થયું હોય તેવું જોવા મળ્યું હતું.

Ullah & Haque (2016) દ્વારા પાકિસ્તાનની શાળામાં ધોરણ 1 થી 8નાં પાઠ્યપુસ્તકોમાં કુમારો અને કન્યાઓની પ્રવૃત્તિઓની રજૂઆત અંગે સંશોધન કરવામાં આવ્યું હતું. તેમનાં સંશોધનનાં તારણો જણાવતા હતા કે પુસ્તકોમાં રજૂ થયેલી ચિત્રાત્મક રજૂઆત જાતીય અસમાનતા ધરાવતી હતી. આ પ્રકારની રજૂઆત બાળકોમાં જાતીયતા સંદર્ભે વિઘાતક અસરો કરી શકે તેમ હતી.

Bhattacharya (2017)એ સાતામાં ધોરણનાં અંગ્રેજી વિષયનાં પાઠ્યપુસ્તકનાં ચિત્રો અને ભાષામાં નિરૂપિત જાતીય અસમાનતાનાં સંદર્ભમાં તપાસ કરી હતી. જેનાં તારણો જણાવતા હતા કે પાઠ્યપુસ્તકોમાં જાતીય ભેદભાવ અને જાતીયતા અંગે પરંપરાગત માન્યતાઓ જોવા મળી હતી.

Falah & Saed (2017) દ્વારા સાતમાં ધોરણના પાઠ્યપુસ્તકોમાં મહિલાઓ અને કન્યાઓનું નિરૂપણ સંદર્ભે તપાસ કરવામાં આવી હતી. જેનાં તારણો જણાવતા હતા કે પાઠ્યપુસ્તકોમાં મહિલાઓ અને કન્યાઓનું ગૌણ સ્થાન જોવા મળ્યું હતું. તેમની આવક, હોદ્દો અને ભૂમિકાઓ ગૌણ કક્ષાની નિરૂપિત થયેલી જોવા મળી હતી.

Mukitul Islam & Asadullah (2018) દ્વારા પાકિસ્તાન, બાંગ્લાદેશ, ઈન્ડોનેશિયા અને મલેશિયાની માધ્યમિક શાળાનાં અંગ્રેજી વિષયનાં પાઠ્યપુસ્તકોની જાતીય સમાનતાનાં સંદર્ભમાં તપાસ કરવામાં આવી હતી. તારણો જણાવતા હતા કે પાઠ્યપુસ્તકોમાં જાતીય અસમાનતાનું નિરૂપણ થયેલું હતું.

NCERT (nd) દ્વારા આસામ, બિહાર, છત્તીસગઢ, હરિયાણા, ગુજરાત, હિમાચલ પ્રદેશ, ઓરિસ્સા, મહારાષ્ટ્ર, મણિપુર, રાજસ્થાન રાજ્યમાં ધોરણ 1 થી 8નાં ભાષા સંબંધિત વિષયોનાં પાઠ્યપુસ્તકોમાં નિરૂપિત જાતીય અસમાનતા અંગે સંશોધન કરવામાં આવ્યું હતું. જેનાં તારણો જણાવતાં હતાં કે પાઠ્યપુસ્તકોમાં જાતીય અસમાનતા પ્રેરક વિષયવસ્તુ અને ચિત્રાત્મક રજૂઆત થયેલી જોવા મળી હતી.

પાઠ્યપુસ્તકોમાં જાતીય અસમાનતા પ્રેરક વિષયવસ્તુ, સંવાદ, ચિત્રો કે રજૂઆત છે કે નહી તેની તપાસ કરવા માટે દેશ-વિદેશમાં અનેક સંશોધનો હાથ ધરવામાં આવ્યાં હતાં. પરંતુ, ગુજરાત રાજ્યમાં ધોરણ 6 થી 8નાં ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તક માટે આ પ્રકારની તપાસ કરવામાં આવી હોય તેવું સંશોધકને જોવા મળ્યું ન હતું. તેથી સંશોધકે પ્રસ્તુત સંશોધન હાથ ધરવાનું નક્કી કર્યું હતું.

**સંશોધનનો હેતુ**

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત ધોરણ 6 થી 8નાં ગુજરાતી વિષયનાં પાઠ્યપુસ્તકોની જાતીયતા સમાનતાનાં (લેખકો-સંપાદકો, સર્જકો, ચિત્રો, મુખ્ય પાત્ર, વ્યક્તિત્વના ગુણો, વ્યવસાયિક-કૌટુંબિક ભૂમિકા) સંદર્ભમાં તપાસ કરવાનો હતો.

**સંશોધનના પ્રશ્નો**

1. ધોરણ 6 થી 8નાં ગુજરાતી વિષયનાં પાઠ્યપુસ્તકોના લેખકો-સંપાદકોની પસંદગીમાં જાતીય સમાનતા જોવા મળે છે કે નહીં ?
2. ધોરણ 6 થી 8નાં ગુજરાતી વિષયનાં પાઠ્યપુસ્તકોમાં સર્જકોની પસંદગીમાં જાતીય સમાનતા જોવા મળે છે કે નહીં ?
3. ધોરણ 6 થી 8નાં ગુજરાતી વિષયનાં પાઠ્યપુસ્તકોનાં વિષયવસ્તુમાં રહેલા ચિત્રોમાં જાતીય સમાનતા જોવા મળે છે કે નહીં ?
4. ધોરણ 6 થી 8નાં ગુજરાતી વિષયનાં પાઠ્યપુસ્તકોનાં વિષયવસ્તુમાં સમાવિષ્ટ મુખ્ય પાત્રોમાં જાતીય સમાનતા જોવા મળે છે કે નહીં ?
5. ધોરણ 6 થી 8નાં ગુજરાતી વિષયનાં પાઠ્યપુસ્તકોનાં વિષયવસ્તુમાં સમાવિષ્ટ પાત્રોનાં વ્યક્તિત્વ ગુણોમાં જાતીય સમાનતા જોવા મળે છે કે નહીં ?
6. ધોરણ 6 થી 8નાં ગુજરાતી વિષયનાં પાઠ્યપુસ્તકોનાં વિષયવસ્તુમાં સમાવિષ્ટ પાત્રોની કૌટુંબિક-વ્યવસાયિક ભૂમિકામાં જાતીય સમાનતા જોવા મળે છે કે નહીં ?

**સંશોધનની પદ્ધતિ**

ગુણાત્મક સંશોધન અભિગમથી પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

**સંશોધન ઉપકરણ**

માહિતી પ્રાપ્તિ માટે ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત ધોરણ 6 થી 8નાં ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકોનો ઉપયોગ થયો હતો. ધોરણ 6 થી 8નાં બન્ને સત્રના કુલ 6 પાઠ્યપુસ્તકોનો માહિતી એકત્રીકરણ માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો. માહિતી વિશ્લેષણની વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સંશોધન પ્રશ્નોને અનુરૂપ માહિતીનું સંખ્યાત્મક તેમજ ગુણાત્મક વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

**માહિતીનું વિશ્લેષણ**

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત ધોરણ 6 થી 8નાં ગુજરાતી વિષયનાં પાઠ્યપુસ્તકોની જાતીયતા સમાનતાનાં સંદર્ભમાં તપાસ કરવાનો હતો. તેને કેન્દ્રમાં રાખીને માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. વિવિધ પાસાંઓ (લેખકો-સંપાદકો, સર્જકો, ચિત્રો, મુખ્ય પાત્ર, વ્યક્તિત્વના ગુણો, વ્યવસાયિક-કૌટુંબિક ભૂમિકા)માં જાતીય સમાનતાનાં સંદર્ભમાં કરેલું વિશ્લેષણ નીચેની સારણીઓમાં રજૂ કરવામાં આવ્યું છે.

**સારણી - 1**

**ધોરણ 6 થી 8નાં ગુજરાતી વિષયનાં પાઠ્યપુસ્તકોના લેખકો-સંપાદકોની પસંદગી**

| સત્ર | સત્ર - 1 | | સત્ર - 2 | | કુલ | | ટકાવારી | |
|---|---|---|---|---|---|---|---|---|
| જાતીયતા | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ધોરણ - 6 | 25 | 7 | 11 | 3 | 36 | 10 | 78.26 % | 21.74 % |
| ધોરણ - 7 | 25 | 7 | 20 | 6 | 45 | 13 | 77.58 % | 22.42 % |
| ધોરણ - 8 | 25 | 7 | 26 | 7 | 51 | 14 | 78.46 % | 21.54 % |
| | | | | | | **સરાસરી** | **78.10 %** | **21.90 %** |

સારણી-1નાં અવલોકનના આધારે કહી શકાય કે ધોરણ 6 થી 8નાં પાઠ્યપુસ્તકોમાં લેખકોની પસંદગીમાં પુરુષોનું પ્રમાણ 78.10 % હતું અને સ્ત્રીઓનું પ્રમાણ 21.90 % હતું. તેના આધારે એવું તારણ રજૂ કરી શકાય કે ધોરણ 6 થી 8નાં પાઠ્યપુસ્તકોમાં લેખકો-સંપાદકોની પસંદગીમાં પુરુષ પ્રધાનતા જોવા મળી હતી.

**સારણી - 2**

**ધોરણ 6 થી 8નાં ગુજરાતી વિષયનાં પાઠ્યપુસ્તકોમાં સર્જકોની પસંદગી**

| સત્ર | સત્ર - 1 | | સત્ર - 2 | | કુલ | | ટકાવારી | |
|---|---|---|---|---|---|---|---|---|
| જાતીયતા | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ધોરણ - 6 | 7 | 0 | 8 | 2 | 15 | 2 | 88.23 % | 11.77 % |
| ધોરણ - 7 | 7 | 1 | 12 | 2 | 19 | 3 | 86.36 % | 13.67 % |
| ધોરણ - 8 | 7 | 0 | 13 | 2 | 20 | 2 | 90.90 % | 9.10 % |
| | | | | | | સરાસરી | 88.49 % | 11.51 % |

સારણી-2નાં અવલોકનના આધારે કહી શકાય કે ધોરણ 6 થી 8નાં પાઠ્યપુસ્તકોમાં સર્જકોની પસંદગીમાં પુરુષોનું પ્રમાણ 88.49 % હતું અને સ્ત્રીઓનું પ્રમાણ 11.51 % હતું. તેના આધારે એવું તારણ રજૂ કરી શકાય કે ધોરણ 6 થી 8નાં પાઠ્યપુસ્તકોમાં સર્જકોની પસંદગીમાં પુરુષ પ્રધાનતા જોવા મળી હતી.

**સારણી - 3**

**ધોરણ 6 થી 8નાં ગુજરાતી વિષયનાં પાઠ્યપુસ્તકોમાં સમાવિષ્ટ ચિત્રો**

| સત્ર | સત્ર - 1 | | | સત્ર - 2 | | | કુલ | | | ટકાવારી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધોરણ | પુરુષ | સ્ત્રી | તટસ્થ | પુરુષ | સ્ત્રી | તટસ્થ | પુરુષ | સ્ત્રી | તટસ્થ | પુરુષ | સ્ત્રી | તટસ્થ |
| ધો- 6 | 5 | 2 | 3 | 6 | 1 | 1 | 11 | 3 | 4 | 61.11 % | 16.66% | 22.22% |
| ધો- 7 | 6 | 2 | 6 | 7 | 2 | 1 | 13 | 4 | 7 | 54.16% | 16.66% | 29.16% |
| ધો- 8 | 6 | 1 | 3 | 6 | 3 | 4 | 12 | 4 | 7 | 52.17% | 17.39% | 30.43% |
| | | | | | | | | | સરાસરી | 55.81% | 16.90% | 27.27% |

સારણી-3નાં અવલોકનના આધારે કહી શકાય કે ધોરણ 6 થી 8નાં પાઠ્યપુસ્તકોમાં સમાવિષ્ટ ચિત્રોમાં પુરુષ કેન્દ્રી ચિત્રોનું પ્રમાણ 55.81% હતું અને સ્ત્રી કેન્દ્રી ચિત્રોનું પ્રમાણ 16.90% હતું. જ્યારે તટસ્થ ચિત્રોનું પ્રમાણ 27.27% હતું. તેના આધારે એવું તારણ રજૂ કરી શકાય કે ધોરણ 6 થી 8નાં પાઠ્યપુસ્તકોમાં સમાવિષ્ટ ચિત્રોમાં પુરુષ પ્રધાનતા જોવા મળી હતી.

**સારણી - 4**

**ધોરણ 6 થી 8નાં ગુજરાતી વિષયનાં પાઠ્યપુસ્તકોનાં વિષયવસ્તુમાં મુખ્યપાત્ર**

| સત્ર | સત્ર - 1 | | | સત્ર - 2 | | | કુલ | | | ટકાવારી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધોરણ | પુરુષ | સ્ત્રી | તટસ્થ | પુરુષ | સ્ત્રી | તટસ્થ | પુરુષ | સ્ત્રી | તટસ્થ | પુરુષ | સ્ત્રી | તટસ્થ |
| ધો- 6 | 5 | 1 | 5 | 4 | 0 | 7 | 9 | 1 | 14 | 37.50 % | 4.16% | 58.34% |
| ધો- 7 | 5 | 1 | 4 | 8 | 2 | 4 | 13 | 5 | 8 | 50.00% | 19.23% | 30.76% |
| ધો- 8 | 4 | 1 | 5 | 8 | 3 | 5 | 7 | 4 | 10 | 33.33% | 19.04% | 47.62% |
| | | | | | | | | | સરાસરી | 40.27% | 14.14% | 45.57% |

સારણી-4નાં અવલોકનના આધારે કહી શકાય કે ધોરણ 6 થી 8નાં પાઠ્યપુસ્તકોના વિષયવસ્તુમાં મુખ્ય પાત્ર તરીકે પુરુષ હોય તેવી કૃતિઓનું પ્રમાણ 40.27% હતું અને મુખ્ય પાત્ર તરીકે સ્ત્રી હોય તેવી કૃતિઓનું પ્રમાણ 14.14% હતું. જ્યારે તટસ્થ કૃતિઓનું પ્રમાણ 45.57% હતું. તેના આધારે એવું તારણ રજૂ કરી શકાય કે ધોરણ 6 થી 8નાં પાઠ્યપુસ્તકોમાં કૃતિઓમાં મુખ્ય પાત્રો તરીક પુરુષ પાત્રોનું પ્રમાણ વધારે જોવા મળ્યું હતું.

**સારણી - 5**

**ધોરણ 6 થી 8નાં ગુજરાતી વિષયનાં પાઠ્યપુસ્તકોનાં**

**વિષયવસ્તુમાં સમાવિષ્ટ પાત્રોનાં વ્યક્તિત્વ ગુણો**

| ધોરણ | પુરુષ | સ્ત્રી |
|---|---|---|
| ધોરણ - 6 | સેવાપ્રેમી, નિષ્ઠાવાન, ચતુર, નમ્ર, બુદ્ધિમાન, મહેનતુ, અભિમાની, રાષ્ટ્રસેવક | ---- |
| | | |

| | | |
|---|---|---|
| ધોરણ - 7 | ઈમાનદાર, સેવાપરાયણ, બુદ્ધિમાન, આત્મવિશ્વાસુ, શૂરવીર, પશુપ્રેમી, દેશપ્રેમી, પ્રમાણિક, અભિમાની | પ્રેમાળ |
| | | |
| ધોરણ - 8 | પશુપ્રેમી, માતૃપ્રેમી, દેશભક્ત, દાનવીર, દિલાવર, ત્યાગી, કર્તવ્યનિષ્ઠ, અડગ, બુદ્ધિમાન, અભ્યાસુ | વિરહી સાહસિક |

સારણી-5નાં અવલોકનના આધારે કહી શકાય કે ધોરણ 6 થી 8નાં પાઠ્યપુસ્તકોનાં વિષયવસ્તુમાં પુરુષ પાત્રોના ગુણોમાં અપાવ વૈવિધ્ય હતું. પુરુષ પાત્રો અનેક ઉમદા અને અપેક્ષિત ગુણો ધરાવતો હોય તેવું દર્શાવાયું હતું. જ્યારે સ્ત્રી પાત્રોનાં ગુણોમાં ખાસ વૈવિધ્ય હતું નહી. તેઓ પરંપરાગત ગુણો ધરાવતી હોય તેવું જ દર્શાવવામાં આવ્યું હતું.

**સારણી - 6**

**ધોરણ 6 થી 8નાં ગુજરાતી વિષયનાં પાઠ્યપુસ્તકોનાં**

**વિષયવસ્તુમાં સમાવિષ્ટ પાત્રોની કૌટુંબિક-વ્યવસાયિક ભૂમિકા**

| ધોરણ | પુરુષ | સ્ત્રી |
|---|---|---|
| ધોરણ - 6 | શિલ્પી, શેઠ, પંડિત | દુકાનદાર, ગૃહિણી, બાળક ઉછેરનાર |
| | | |
| ધોરણ - 7 | શેઠ, કુટુંબનું ભરણ પોષણ કરના | -------------- |
| ધોરણ - 8 | નગરશેઠ, ગામધણી, નેતા, રાજા, વેપારી | -------------- |

સારણી-6નાં અવલોકનના આધારે કહી શકાય કે ધોરણ 6 થી 8નાં પાઠ્યપુસ્તકોના વિષયવસ્તુમાં પુરુષ પાત્રોની કૌટુંબિક-વ્યવસાયિક ભૂમિકામાં અપાર વૈવિધ્ય હતું. પુરુષ પાત્રો ઉચ્ચ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત હોય તેવી અનેક કૌટુંબિક-વ્યવસાયિક ભૂમિકામાં દર્શાવવામાં આવ્યા હતા. જ્યારે સ્ત્રી પાત્રોની કૌટુંબિક અને વ્યવસાયિક ભૂમિકામાં ખાસ વૈવિધ્ય હતું નહી. તેઓ પરંપરાગત ભૂમિકાઓ ભજવતી હોય તેવું જ દર્શાવવામાં આવ્યું હતું.

## પરિણામ

1. ધોરણ 6 થી 8નાં પાઠ્યપુસ્તકોમાં લેખકોની પસંદગીમાં પુરુષોનું પ્રમાણ 78.10 % હતું અને સ્ત્રીઓનું પ્રમાણ 21.90 % હતું.
2. ધોરણ 6 થી 8નાં પાઠ્યપુસ્તકોમાં સર્જકોની પસંદગીમાં પુરુષોનું પ્રમાણ 88.49 % હતું અને સ્ત્રીઓનું પ્રમાણ 11.51 % હતું.
3. ધોરણ 6 થી 8નાં પાઠ્યપુસ્તકોમાં સમાવિષ્ટ ચિત્રોમાં પુરુષ કેન્દ્રી ચિત્રોનું પ્રમાણ 55.81% હતું અને સ્ત્રી કેન્દ્રી ચિત્રોનું પ્રમાણ 16.90% હતું. જ્યારે તટસ્થ ચિત્રોનું પ્રમાણ 27.27% હતું.
4. ધોરણ 6 થી 8નાં પાઠ્યપુસ્તકોના વિષયવસ્તુમાં મુખ્ય પાત્ર તરીકે પુરુષ હોય તેવી કૃતિઓનું પ્રમાણ 40.27% હતું અને મુખ્ય પાત્ર તરીકે સ્ત્રી હોય તેવી કૃતિઓનું પ્રમાણ 14.14% હતું. જ્યારે તટસ્થ કૃતિઓનું પ્રમાણ 45.57% હતું.

5. ધોરણ 6 થી 8નાં પાઠ્યપુસ્તકોનાં વિષયવસ્તુમાં પુરુષ પાત્રોના ગુણોમાં અપાર વૈવિધ્ય હતું. જ્યારે સ્ત્રી પાત્રોનાં ગુણોમાં ખાસ વૈવિધ્ય હતું નહી.
6. ધોરણ 6 થી 8નાં પાઠ્યપુસ્તકોના વિષયવસ્તુમાં પુરુષ પાત્રોની કૌટુંબિક-વ્યવસાયિક ભૂમિકામાં અપાર વૈવિધ્ય હતું. જ્યારે સ્ત્રી પાત્રોની કૌટુંબિક અને વ્યવસાયિક ભૂમિકામાં ખાસ વૈવિધ્ય હતું નહી.

**તારણો અને ચર્ચા**

ધોરણ 6 થી 8નાં પાઠ્યપુસ્તકોમાં લેખકો-સંપાદકોની પસંદગીમાં, સર્જકોની પસંદગીમાં અને ચિત્રોમાં પુરુષ પ્રધાનતા અને પુરુષ તરફી ઝોક જોવા મળ્યો હતો. આ પ્રકારની રજૂઆતથી વિદ્યાર્થીઓમાં એવો ખ્યાલ ઊભો થઈ શકે કે લેખન-સંપાદન કે સર્જન એ માત્ર પુરુષો જ કરી શકે તેવું કામ છે. સ્ત્રીઓ આ કામ કરી શકે તેવી ક્ષમતા ધરાવતી હોતી નથી. તેથી પાઠ્યપુસ્તકની રચના કરતી વખતે આ બાબતનો ખ્યાલ રાખીને બન્નેનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તેવો પ્રયાસ કરવો જોઈએ.

પાઠ્યપુસ્તકોમાં સમાવિષ્ટ કૃતિઓમાં મુખ્ય પાત્રો તરીકે પુરુષ પાત્રોનું પ્રમાણ વધારે જોવા મળ્યું હતું. પુરુષ પાત્રો અનેક ઉમદા અને અપેક્ષિત ગુણો ધરાવતા હોય તેવું દર્શાવાયું હતું. જ્યારે સ્ત્રી પાત્રોનાં ગુણોમાં ખાસ વૈવિધ્ય હતું નહીં. પુરુષ પાત્રોની કૌટુંબિક-વ્યવસાયિક ભૂમિકામાં પણ અપાર વૈવિધ્ય હતું. પુરુષ પાત્રો ઉચ્ચ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત હોય તેવી અનેક કૌટુંબિક-વ્યવસાયિક ભૂમિકામાં દર્શાવવામાં આવ્યા હતા. જ્યારે સ્ત્રી પાત્રોની કૌટુંબિક અને વ્યવસાયિક ભૂમિકામાં ખાસ વૈવિધ્ય હતું નહી.

આ પ્રકારની રજૂઆતથી વિદ્યાર્થીઓના મનમાં જાતીય અસમાનતા દૃઢ થઈ શકે છે. તેઓ એમ માનવા લાગી શકે કે પુરુષોનું સ્થાન મુખ્ય અને મહત્વનું હોય છે. તેઓ જ અનેક વિધ ગુણો ધરાવનારા અને અનેક પ્રકારની ભૂમિકા ભજવનારા હોય છે. સ્ત્રીઓમાં કોઈ વિશિષ્ટ ગુણો હોતા નથી. તેઓ વિવિધ પ્રકારની ભૂમિકા ભજવી શકે તેવી શક્તિશાળી હોતી નથી. તેથી પાઠ્યપુસ્તકોમાં સ્ત્રીઓને પણ ઉમદા ગુણો ધરાવતી, વૈવિધ્ય સભર ભૂમિકાઓ ભજવતી હોય તેવી કૃતિઓને સ્થાન આપવું જોઈએ.

**પાઠ્યપુસ્તકોમાં જાતીય અસમાનતા દૂર કરવા માટેની કેટલીક ભલામણો**

- ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા લેખકોનું આ મુદ્દા તરફ ધ્યાન દોરવું જોઈએ. તેમને તે અંગે સભાન કરવા માટે તજ્જ્ઞીય વ્યાખ્યાન કે માર્ગદર્શન મળી રહે તેવું આયોજન કરવું જોઈએ. પાઠ્યપુસ્તકોનાં લેખન પહેલા આ મુદ્દા અંગે કાર્યશાળા યોજીને લેખકોને સમજ પૂરી પાડવી જોઈએ.
- પાઠ્યપુસ્તકોનાં વિષયવસ્તુ, ચિત્રો, સ્વાધ્યાય કે ઉદાહરણોમાં જોવા મળતી જાતીય અસમાનતા પ્રેરક રજૂઆતો દૂર કરવી જોઈએ.
- સ્ત્રી અને પુરુષનું પ્રતિનિધિત્વ સમાન રહે તેવો પ્રયાસ કરવો જોઈએ, રીતે પાઠ્યપુસ્તકની રચના કરવી જોઈએ. બન્નેનું
- પાઠ્યપુસ્તકોનાં લેખન વખતે મહિલા અને પુરુષ લેખકોની સંખ્યામાં સમતુલન જળવાઈ રહે તેવો પ્રયાસ કરવો જોઈએ.
- પાઠ્યપુસ્તકોમાં સ્ત્રી અને પુરુષની પરંપરાગત કે બીબાઢાળ ભૂમિકા રજૂ થતી હોય એવી કૃતિઓને સ્થાન ન આપવું જોઈએ. સ્ત્રી અને પુરુષ સમાનતા પ્રેરક, આધુનિક ભૂમિકાને રજૂ કરતી હોય તેવી કૃતિઓને સ્થાન આપવું જોઈએ.

- પાઠ્યપુસ્તકોમાં રહેલી જાતીય અસમાનતાને ઓળખવા માટે અને જાતીય અસમાનતા રહિત પાઠ્યપુસ્તકોની રચના કરવા માટે Brugeilles અને Cromer (2009) દ્વારા સૂચિત માર્ગદર્શિકાનો ઉપયોગ કરવો જોઈએ.
- નારીવાદી વિચારધારાની સમજ ધરાવતા લેખકોને પણ પાઠ્યપુસ્તક લેખન માટે નિમંત્રણ આપવું જોઈએ.

## સંદર્ભસૂચિ


I. Baldwin, P. and D. Baldwin. 1992. "The Portrayal of Women in Classroom Textbooks." Canadian Social Studies 26(3):110-114.

II. Bhattacharya, S. (2017). Gender Representations in English Textbooks used in

III. Blumberg, R.L.(2007). Gender biases in textbook : A hidden obstacle of the road to gender equality in education. Paris : UNESCO

IV. Brugeilles, C. & Cromer, S. (2009). Promoting gender equality through textbook : A methodological guide. France : UNESCO

V. Dwar, T. & Anand, S. (2015). Analysis of primary level textbooks from gender lens. Social Sciences International Research Journal, 3(1), 115-118

VI. Falah, J.F. and Saed, R. (2017). Women and Girls in Hebrew High School Textbooks. Open Journal of Social Sciences, 5, 251-270.

VII. Grade Eight under National and State Boards, India. Language in India, 17(6), 406-432.

VIII. Kuruvilla, M. & Thasniya, K. (2015). Gender Stereotypism in the PictorialDepictions of Primary School Text Books. OSR Journal Of Humanities And Social Science, 20(6), 16-26.

IX. Mukitul Islam, K. & Asadullah, M. (2018). Gender stereotypes and education : A comparative content analysis of Malaysian, Indonasion, Pakistani, and Bangladeshi school textbooks. PLOS, 13(1).

X. NCERT. (nd). Analysis of the Textbooks of Assam, Bihar,Chhattisgarh, Gujarat, Haryana, Himachal Pradesh, Odisha, Maharashtra, Manipur and Rajasthan: An Overall Report. New Delhi : Author

XI. Sadkar and Zittleman. 2007. "Gender Bias from Colonial America to Today's Classrooms." Pp. 135-169 in Multicultural Education: Issues and Perspectives, edited by James A. Banks and Cherry A. McGee Banks. Hoboken, NJ: John Wiley & Sons, Inc.

XII. Sharma, B. (2016). An Attempt of Gender Sensitizing Through Analysis of School Text Books, Imperial Journal of Interdisciplinary Research, 2(9), 511-515.

XIII. Ullah, H. & Haque, H. (2016). The representation of girls' and boys' activities in school textbooks. FWU Journal of social sciences, 10(1), 81-87.

XIV. UNESCO. (2004). Gender analysis of school curriculum and textbook. Islamabad : Author

XV. Yang, C. R. (2014). Gender Representation in Hong Kong Primary English Language Textbooks: A Study of Two Widely-used Textbook Series. Unpublished Ph.D. thesis, Lancaster University.

***********************************************************************************

**ડૉ. નીતિનકુમાર ઢાઢોદરા**
મદદનીશ પ્રાધ્યાપક
શિક્ષણ વિભાગ
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ

Copyright © 2012 - 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat